E-mail

૮૦૫૯-૯૩

ક્રમાંક:ઉમબ/ઉમા.૮/સેટઅપ/૨૦૨૨/
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં-૯/૧, ડૉ. જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૯/૧૨/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય:-રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ અપ) નક્કી કરવા બાબત.

સંદર્ભ:-(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૦૯/ઓડી-૮(પા.ફા.૧)/ગ, તા.૧૯/૦૧/૨૦૨૧
(૨) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક: બમશ/૧૧૦૯/OD-૮(પા.ફા.૧)/ગ, તા.૦૨/૧૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભપત્ર(૨)થી વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) મંજૂર કરવાની કાર્યવાહી ઓફલાઇન કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) નક્કી કરવા બાબતે શિક્ષણ વિભાગના સંદર્ભપત્ર(૧)ની તમામ શરતો અને જોગવાઇઓને આધીન તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આખરી થયેથી વર્ષ ૨૦૨૨-૨૩નું બિન શૈક્ષણિક કર્મચારી(કલાર્ક)નું સેટ-અપ મંજૂર કરાવવા જણાવવામાં આવે છે.

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) મંજૂર કરાવવા નીચે મુજબની કાર્યરીતિનો અમલ કરવાનો રહેશે.

- ✓ દરેક બિન સરકારી અનુદાનિત શાળાઓએ આ સાથે સામેલ **"પત્રક-A"** મુજબ વિગતો ભરી શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવમાં દર્શાવેલ શરતો અને જોગવાઇ તેમજ સરકારશ્રીના વખતોવખતોના ઠરાવ/પરિપત્રથી નિશ્ચિત કરેલ વિદ્યાર્થી સંખ્યા આધારિત સંખ્યાબળ(સેટ-અપ)મુજબ મળવાપાત્ર થતા મહેકમની સ્પષ્ટતા સાથે આધારો સહીતની દરખાસ્ત ત્રણ નકલમાં તેમના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીને કરવાની રહેશે.

Scanned with CamScanner

- ✓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ, તેઓએ નીમેલ સ્થળ તપાસ અધિકારી દ્વારા દરેક શાળાની સ્થળ તપાસ કરી જે તે શાળાને મળવાપાત્ર સેટ-અપ અંગે રેકર્ડ આધારિત માહિતી "પત્રક-A" માં સ્થળ તપાસ અધિકારીનો સ્પષ્ટ અભિપ્રાય અને તે વિગતો ચકાસ્યા બદલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો પોતાનો સ્પષ્ટ અભિપ્રાય અને ચકાસણી બદલનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ પ્રક્રિયા દિન -૨૦ માં પૂર્ણ કરવાની રહેશે.
- ✓ " પત્રક-A " માં સંપૂર્ણ દરખાસ્ત તૈયાર થયા બાદ અત્રેની કચેરી દ્વારા મોકલી આપવામાં આવેલ " પત્રક-B " (Excel sheet)માં "પત્રક-A" ની માહિતીનું એકત્રીકરણ કરવાનું રહેશે.
- ✓ "પત્રક-A " ની એક નકલ અને "પત્રક-B" ત્રણ નકલ(હાર્ડકોપી અને સોફ્ટ કોપી)માં નીચે મુજબની તારીખ ફાળવણી મુજબ આપની કચેરીના જાણકાર અધિકારી/કર્મચારીને અત્રેની કચેરીમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | સંભવિત તારીખ |
|---|---|---|
| ૧ | બોટાદ, છોટાઉદેપુર, ગીર સોમનાથ, ખેડા, મોરબી, નર્મદા, પોરબંદર, તાપી, ડાંગ, દેવભુમિ દ્વારકા | ૨૩/૦૧/૨૦૨૩ |
| ૨ | અમરેલી, ભરૂચ, ભાવનગર, જામનગર, નવસારી, પાટણ, સુરેન્દ્રનગર, વલસાડ, જુનાગઢ | ૨૪/૦૧/૨૦૨૩ |
| ૩ | બનાસકાંઠા, દાહોદ, ગાંધીનગર, મહિસાગર, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરત | ૨૫/૦૧/૨૦૨૩ |
| ૪ | અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, આણંદ, અરવલ્લી, મહેસાણા, વડોદરા, કચ્છ | ૨૭/૦૧/૨૦૨૩ |

વર્ષ ૨૦૨૨-૨૩ રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) નક્કી કરતી વખતે નીચે મુજબની તકેદારી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ રાખવાની રહેશે.

- વર્ષ ૨૦૨૨-૨૩ ના રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) નક્કી કરવા બાબતે શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ઠરાવનો સંપૂર્ણ અને શબ્દશ: અભ્યાસ કરી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- તા.૩૧/૮/૨૦૨૨ની સ્થિતિએ વિદ્યાર્થી સંખ્યા આખરી થયેથી બિન શૈક્ષણિક કર્મચારી(કલાર્ક)નું સેટ-અપ અત્રેની કચેરીએથી મંજૂર કરાવવાનું રહેશે.
- સદર બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) નક્કી કરવા બાબતે કોઇ ભૂલ ક્ષમ્ય ગણાશે નહિં.

Scanned with CamScanner

- દરેક બિન સરકારી અનુદાનિત શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ સંખ્યાબળ( સેટ-અપ) મંજુર કરવા માટેના સ્પષ્ટ અભિપ્રાય માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જવાબદાર રહેશે.
- "પત્રક-A" અને "પત્રક-B" ની વિગતો આપના દ્વારા જવાબદારીપૂર્વક સંપૂર્ણ અને ચોકક્સાઇ સાથે રજુ થાય તે બાબતનું ખાસ ધ્યાન રાખશો. .
- પત્રક-B Excel sheet માં બનાવી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરી સહી સીક્કા નીચે અત્રેની કચેરીના સહી સિકકા થાય તેટલી જગ્યા રાખવા વિનંતી છે.

ખાસ સૂચના :

વર્ષ ૨૦૨૧-૨૨ રાજયની બિન સરકારી અનુદાનિત શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) અત્રેની કચેરી દ્વારા મંજૂર કરીને આપની કચેરીને મોકલી આપવામાં આવેલ છે. તેમજ અત્રેની કચેરીના તા.૧૬/03/૨૦૨૧ના પત્રથી શિક્ષણ વિભાગના તા.૧૯/0૧/૨૦૨૧ના ઠરાવની શરત નં.(૨) મુજબ ઘટાડો થયેલ જુનિયર કારકુન અને સિનિયર કારકુનની જગ્યાઓ રદ કરવાની રહેશે તેમજ રદ કરેલ જગ્યાઓ નજીકના ભવિષ્યમાં ઉભી કરવાની રહેશે નહીં તેમજ આ જગ્યાઓ રદ કરવાના વિધિવત હૂકમો કરવાના રહેશે. તેમ જણાવેલ છે.

આમ,આ શરત મુજબ વર્ષ ૨૦૨૧-૨૨ માં મંજૂર કરેલ બિન શૈક્ષણિક કર્મચારીઓનું મંજૂર કરેલ સંખ્યાબળ(સેટ અપ) અનુસાર રદ કરવાની થતી જગ્યાઓના જગ્યા રદ કર્યા અંગેના હુકમની નકલ અત્રેની કચેરીએ રજુ કરવા જણાવવામાં આવે છે. તેમજ તે હુકમો અંગેની વિગત "પત્રક C" મુજબ ભરીને સાથે લાવવા જણાવવામાં આવે છે.

આમ, વર્ષ ૨૦૨૨-૨૩ રાજયની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ-અપ) મંજૂર કરાવવા ઉપર જણાવ્યા મુજબની કાર્યરીતિનો અમલ કરવા સારૂ આપની કચેરીને જણાવવામાં આવે છે.

બિડાણ : "પત્રક-A" ,"પત્રક-B" અને "પત્રક C"

માન. નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજુરી અનુસાર.

નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ. રા ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ :-

-સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ગ શાખા, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

# પત્રક-A

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું તા. ૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ ક્લાર્ક સેટ અપ મંજુર કરાવવા માટેની વિગત દર્શાવતું પત્રક

૧ શાળાનું નામ ____________________

૨ સ્થાપના વર્ષ ____________________

૩ ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ માધ્યમિક વિભાગનો ઇન્ડેક્ષ નંબર ____________________

૪ ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ ઉચ્ચતર માધ્યમિક વિભાગનો ઇન્ડેક્ષ નંબર ____________________

૫ યુ.ડાયસ કોડ : ____________________

૬ શાળાનું સરનામું : ____________________

____________________

૭ આચાર્યનું નામ

૮ આચાર્યનો સંપર્ક (લેન્ડલાઇન /મોબાઈલ) ____________________

૯ શાળાનો પ્રકાર (સામાન્ય/લઘુમતી) ____________________

(જો લઘુમતી શાળા હોય તો લઘુમતી પ્રમાણપત્ર ક્રમાંક તારીખ તથા નકલ સામેલ રાખવી)

૧૦ શાળાના વર્ગોની વિગત

| ધોરણ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | કુલ |
|---|---|---|---|---|---|
| વર્ગોની સંખ્યા | | | | | |
| વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | |

૧૧ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ; બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ. તા. ૦૧/૦૮/૨૦૧૧ ના ઠરાવ પ્રમાણે હાલનું મંજુર મહેકમ

| હોદ્દો/વિગત | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
|---|---|---|---|---|---|
| મળવાપાત્ર મહેકમની સંખ્યા | | | | | |
| હાલની ફરજ બજાવતા કર્મચારીઓને સંખ્યા | | | | | |

૧૨ ફરજ બજાવતા બિન શૈક્ષણિક કમર્ચારીઓની વિગત :

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | કર્મચારીની મૂળ નિમણુક તારીખ | હાલના હોદ્દા ઉપર જો બઢતી મળેલ હોય તો બઢતી મળ્યા તારીખ | વય નિવૃત્તિની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

૧૩ શિક્ષણ વિભાગના તા. ૧૯/૦૧/૨૦૨૧ ઠરવ ક્રમાંક : બમશ/૧૧૦૯/ઓડી-૮(પા.ફા.૧)/ગ માં સૂચવ્યા મુજબ સુધારા/વધારા કર્યા બાદ મળવાપાત્ર મહેકમ :

| હોદ્દો/વિગત | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ |
|---|---|---|---|---|---|
| મળવાપાત્ર મહેકમની સંખ્યા | | | | | |

Scanned with CamScanner

૧૪ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૦૯/ઓડી-૮ (પા.ફા.૧)/ગ તા. ૧૯/૦૧/૨૦૨૧ માં સૂચવ્યા મુજબ સુધારા કર્યા બાદ નવી ઉભી થતી /રદ કરવાની થતી જગ્યાની વિગત :

| ક્રમ | હોદ્દો | શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ. તા.૦૧/૦૮/૨૦૧૧ મુજબ શાળાનું હાલનું મંજુર મહેકમ | શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-ઓડી-૦૮-ગ. તા.૧૯/૦૧/૨૦૨૧ મુજબ મળવાપાત્ર મહેકમ | નવી ઉભી કરવાની થતી જગ્યાઓની સંખ્યા | રદ કરવાની થતી જગ્યાની વિગત | વધ-ઘટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુ.ક્લા. | | | | | |
| ૨ | સિ.ક્લા. | | | | | |
| ૩ | મુ.ક્લા. | | | | | |
| ૪ | ઓ.એસ. | | | | | |

નોધ : ઉપરના ક્રમ ૧ થી ૧૪ માં દર્શાવેલી તમામ વિગતો મેં જાતે ચકાસીને ભરેલ છે. આ વિગતોમાં આજની સ્થિતિએ આજે કે ભવિષ્યમાં કોઈ પણ વિસંગતતા જણાશે નહિ. આ વિગતો ઉપરથી શાળાનું સેટ-અપ મંજુર કરવામાં આવશે તે બાબતથી હું વાકેફ છું. ઉપરાંત વિગતો હું સંપૂર્ણ જવાબદારી સાથે સાચી જ રજુ કરું છું. જેની બાંહેધરી આપુ છું.

સ્થળ : ____________

તારીખ : ____________

આચાર્યના સહી/સિક્કા

૧૫ શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓના મહેકમ બાબતે ઉભી થતી જગ્યા તથા રદ કરવાની થતી જગ્યા બાબતે તપાસ અધિકારીનો સ્પષ્ટ અભિપ્રાય :

૧ ____________

૨ ____________

તપાસ અધિકારીની સહી : ____________

તપાસ અધિકારીનું નામ : ____________

તપાસ અધિકારીનો હોદ્દો : ____________

૧૬ શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓના મહેકમ બાબતે ઉભી થતી જગ્યા તથા રદ કરવાની થતી જગ્યા બાબતે તપાસ અધિકારીનો સ્પષ્ટ અભિપ્રાય :

૧ ____________

૨ ____________

જેલ્લા શિક્ષણાધિકારીની સહી : ____________

જેલ્લા શિક્ષણાધિકારીનું નામ : ____________

સ્થળ : ____________

તારીખ : ____________

Scanned with CamScanner

પત્રક B

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો બિન શૈક્ષણિક કર્મચારીઓનું તા.૩૧/૦૮/૨૦૨૨ ની સ્થિતિએ સેટ-અપ મંજુર કરાવવા માટેની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ અને સંપર્ક નંબર | શાળાનો પ્રકાર (સામાન્ય / લઘુમતિ) જો લઘુમતિ હોય તો તેનો પ્રકાર તથા પ્રમાણપત્રના નંબર તારીખ | શાળાની કુલ વિધાર્થી સંખ્યા (ધોરણ ૯ થી ૧૨) | શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૧૧ ના ઠરાવ પ્રમાણે હાલ વધમાં હોવા છતાં ફરજ બજાવતા મહેકમની વિગત | | | | | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ મુજબ તા.૩૧/૦૮/૨૦૨૨ની સ્થિતિએ વિધાર્થી સંખ્યા આધારિત મળવાપાત્ર થતા મહેકમની સંખ્યા | | | | | શિક્ષણ વિભાગના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ પ્રમાણે રદ થનાર અને નવી ઉભી થનાર જગ્યા (કોલમ નં. ૭,૮,૯,૧૦ અને ૧૧ ને પણ ભરેલું મહેકમ ગણવું.) | | | | | | | | | | જિલ્લા શિક્ષણાધિકારીના સ્પષ્ટ રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | વધ | | | | | ઘટ | | | | | |
| | | | | | જુ.કા. | સિ.કા. | મુ.કા | ઓ.એસ | કુલ | જુ.કા. | સિ.કા | મુ.કા. | ઓ.એસ | કુલ | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ. | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

Scanned with CamScanner

## વર્ષ ૨૦૨૧-૨૨ બિન સરકારી અનુદાનિત શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ(સેટ અપ)

### પત્રક C

| ક્રમ | જિલ્લો | શાળાનું નામ | શિ.વિ.ના તા.૧૯/૦૧/૨૦૨૧ ના ઠરાવ વર્ષ | | | | | શિ.વિ.ના તા.૧૯/૦૧/૨૦૨૧ના ઠરાવની શરત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ | કુલ | જુ.કા. | સિ.કા. | મુ.કા. | ઓ.એસ | કુલ |
| | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | |

Scanned with CamScanner